

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### અનાજ અને કેરોસીનનુ કાળાબજાર અટકાવવા ૪૨૮ દુકાનદારો સામે પગલા ૬ કીસ્સામાં પરવાના રદ કરાયા

ગાંધીનગર જિલ્લામાં અનાજ અને કેરોસીનના કાળાબજાર અટકાવવા કેટલી વખત રેડ કરવામાં આવી માણસાના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં પુરવઠા મંત્રીએ જણાંવ્યા મુજબ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૯૩ કીસ્સામાં રેડ કરવામાં આવી છે. જયારે ગેરકાનુની પ્રવૃતિ કરવા બદલ કુલ ૪૨૮ દુકાનદારો સામે પગલા લેવાયા છે. જે અન્વયે રૂ ૩૪,૫૭૨ નો પુરવઠો રાજયસાત કરવામાં આવ્યો છે. જયારે રૂ ૨૫ હજારના પરવાના અનામત રાજયસાત કરવામાં આવ્યા છે. જયારે રૂ ૪,૧૬,૭૬૯ નો દંડ કરવામાં આવ્યો છે. જયારે ૨૦ પરવાના મોકુફ કરવામાં આવ્યા છે અને ૬ પરવાના રદ કરવામાં આવ્યા છે. જો કે કોઈપણ વ્યકિત સામે પી બી એમ કેસ કરવામાં આવેલ નથી.

### ૯.૮૩ લાખ માનવદિનની રોજગારી માટે ૧૭.૪૭ કરોડનો ખર્ચ કરાયો

કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે બે વર્ષમાં રાજય સરકારને કેટલી રકમ મળી તેવા પ્રશ્નના જવાબમાં ગ્રામ વિકાસ મંત્રીએ રજુ કરેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ અને ૧૯-૨૦ માં લેબર તેમજ મટિરિયલ સહીત કુલ ૨૧૨૦૪૫.૨૮ લાખ ની ગ્રાન્ટ રાજય સરકારને આપવામાં આવી છે. જયારે આ અન્વયે ગાંધીનગર જિલ્લામા ૯.૮૩ લાખ માનવદિનની રોજગારી માટે ૧૭૦૦.૪૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

### જિલ્લામાં સસ્તા અનાજની ૧૮ નવી દુકાનોને મંજુરી ૧૪ શરૂ કરાઇ

જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની નવી દુકાન શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ જિલ્લામાં સસ્તા અનાજની નવી દુકાન શરૂ કરવા માટે કુલ ૪૯ અરજીઓ મળી જેમાં ગાંધીનગર તાલુકામાંથી ૨૫.કલોલમાંથી ૧૧,માણસામાંથી ૫ અને દહેગામમાંથી ૮ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ગાંધીનગરમાંથી ૧૨,કલોલમાંથી ૪ અને દહેગામમાંથી ૨ અરજીઓ સહીત કુલ ૧૮ ને મંજુરી આપવામાં આવી છે. જયારે આ અન્વયે કુલ ૧૪ નવી દુકાનો શરૂ કરી દેવામાં આવી છે.

### જંતુનાશક દવાના ૪ નમુના બિનપ્રમાણિત થયા ૩ કંપની સામે કોર્ટ કેસ

ગાંધીનગર જિલ્લામાં જંતુનાશક દવાઓના લેવામાં આવેલ નમુનાઓ પૈકી કેટલા નમુના બિનપ્રમાણિત થયા જયારે આ બદલ દવા બનાવનાર કંપનીઓ સામે શા પગલા લેવામાં આવ્યા તેવા પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ આપેલા જવાબમાં જણાવાયુ હતુ કે જિલ્લામાં જંતુનાશક દવાઓના લેવાયેલા પૈકી કુલ ૪ નમુના બિનપ્રમાણિત થયા હતા. જયારે બિનપ્રમાણિત દવાઓ વેચનાર અને બનાવવાના કિસ્સામાં ૩ કંપની સામે કોર્ટ કેસ દાખલ કરાયા છે. જયારે અન્ય એકની સામે કોર્ટ કેસની મંજુરી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



જયા-પાર્વતી વ્રત - અષાઢના પ્રારંભે જ વ્રત અને ઉત્સવની જમાવટથી નવી સામાજીક ચેતના પ્રગટી છે... મોટી દિકરીઓ માટે જયા-પાર્વતીનું વ્રત આરંભાતા ધાર્મિક અને સામાજીત વાતાવરણમાં એક ઉત્સવનો માહોલ સર્જાતો જાય છે... રોજ સવારે પૂજન-અર્ચન કરીને ઉપવાસનું વ્રત કરવાનો કિશોર અવસ્થામાં કઠીન હોય છે... પરંતુ ભારતીય સંસ્કૃતિમાં સુયોગ્ય જીવનસાથી માટે તપનો મહિમા આલેખાયો છે... આપણી પરંપરામાં દિકરીઓને ખૂબ જ વ્રત કરવાના આવે છે... અને હોંશે હોંશે દિકરી વ્રત કરી સુખમય જીવન માટે પ્રાર્થના કરે છે...

# ગાંધીનગરને સંસ્કૃતિ નગર બનાવવા કલાકારો, કથાકારો-પત્રકારોને પ્લોટ ફાળવો : ચાવડા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત વિધાનસભાની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવુ જોઈએ તેવી માંગણી ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે વિધાનસભાગૃહમાં માહિતી વિભાગ પરની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં કરી હતી.

ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે લોકસભા-રાજયસભાનું જીવંત પ્રસારણ થઈ શકતુ હોય તો દરેક બાબતમાં પ્રથમ રહેતી ગુજરાત સરકાર કેમ ખચકાઈ રહી છે તે સમજમાં આવતુ નથી.

ડૉ. ચાવડાએ ગાંધીનગરમાં પત્રકારોને પ્લોટ આપવા જોઈએ તેવી માંગ સાથે કલાકારોના પ્રોત્સાહન માટેના પગલાં પણ વધુ લેવા માંગ કરી હતી.

તેમણે ગાંધીનગરને સંસ્કૃતિ નગર બનાવવાના સ્થાન વિશે વાત કરી ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિ જાળવે છે તેવા જાણીતા કલાકારો, કથાકારોને પણ પ્લોટ ફાળવવાની હિમાયત કરી હતી.

પોતાના પ્રવચનમાં તેમણે ગુજરાત જે ઔદ્યોગિક રાજ્યની ઓળખ ધરાવતુ હતુ તે આજે ૮મા ક્રમે પહોંચ્યુ છે તેની ચિંતા પણ વ્યક્ત કરી હતી અને જણાવ્યુ હતુ કે એમ.ઓ.યુ.ની વાતો થઈ, પણ રિઝલ્ટ મળ્યા નથી.

તેમણે સરકારને કહ્યુ કે તમે સારૂ કરો છો જ પણ વધુ સારૂ કરો એ જરૂરી છે.

# રાજયમાં જરૂરી ચેકિંગ, સર્ટીફિકેટ નહી મળે ત્યાં સુધી તમામ રાઈડ્સ બંધ

ગાંધીનગર, તા.૧૫

કાંકરિયા ડિસ્કવરી રાઈડ દુર્ઘટના બાદ રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ખાસ કરીને આગામી દિવસોમાં હવે જાગરણ, શ્રાવણ માસ, જન્માષ્ટમી સહિતના તહેવારો આવવાના હોઈ લોકો ફરવા જાય ત્યારે ખાસ કરીને પોતાના બાળકોને રાઈડ્સ અને અન્ય મનોરંજન પ્રસાધનોમાં બેસાડતા હોય છે, ત્યારે હવે કાંકરિયાની દુર્ઘટના બાદ સરકાર સહિત તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સંબંધિત તંત્રના અધિકારીઓએ આવી કોઈ દુર્ઘટના રાજયના અન્ય કોઈ શહેરમાં કે સ્થળ કે મેળામાં ના સર્જાય તે માટેની કવાયત હાથ ધરી છે અને તેના ભાગરૂપે જ આજે સરકાર અને તંત્ર તરફથી જયાં સુધી આવી તમામ રાઈડ્સનું ફિટનેસ અને સલામતી અંગેનું જરૂરી સર્ટિફિકેટ ના મેળવાય ત્યાં સુધી રાઈડ્સ બંધ રાખવાની તાકીદ કરાઈ છે. જરૂરી સર્ટિફિકેટ મેળવાયા બાદ પૂરતા ચેકીંગ અને

● અનુસંધાન પાન-૭ પર

# બે વર્ષ બાદ પણ નાની સિંચાઈ અને પ્રથમ વૉટર બોડીઝની ગણતરી અધુરી રહી...

**(પ્રકાશ જહા)** ગાંધીનગર, તા. ૧૫

છઠ્ઠી-નાની સિંચાઈ યોજના ગણતરી અને પ્રથમ વૉટર બોડીઝ ગણતરીનું કામ છેલ્લા બે વર્ષથી પૂર્ણ ના થતાં પંચાયત વિભાગે આ અંગે રાજયપાલશ્રીના આદેશ સાથેનો પરિપત્ર જારી કરતાં સચિવાલય સહિત પાટનગરમાં તેને લઈ સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ભારત સરકાર દ્વારા ગુજરાત રાજયની છઠ્ઠી નાની સિંચાઈ યોજનાની ગણતરી અને પ્રથમ વૉટર બોડીઝ ગણતરીની કામગીરી રાજય સરકારના નર્મદા-જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને સોંપવામાં આવી છે.

આ ગણતરીમાં સહકાર આપવા માર્ગદર્શન આપતી સૂચનાઓ ૨૦૧૫માં બહાર પાડવામાં આવી હતી. આ સૂચનાઓ નર્મદા વિભાગ દ્વારા બહાર પડાઈ હતી.

૨૦૧૭-૧૮માં જયારે

**સરકારે પરિપત્ર કર્યો અને સહકાર આપવા આદેશ કરતાં વહીવટીતંત્રમાં સન્નાટો...**

ગણતરીની કામગીરી ખરેખર હાથ ધરવામાં આવી ત્યારે તલાટી કમ મંત્રી, ગ્રામસેવકો સિંચાઈ વિભાગના શ્રેત્રીય કર્મયોગીઓ જે ગણતરીની કામગીરી સાથે સંકળાયેલા છે તેમને સહકાર આપતા નહિ હોવાનું ચિત્ર ઉપસ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ મુદ્દે સરકારમાં ઉચ્ચસ્તરીય રજુઆતો પણ થઈ હતી અને સચિવોની મળતી માસિક સમીક્ષા બેઠકમાં પણ મુદ્દો ચર્ચાયો હતો. જોકે આ પછી પણ સહકાર નહિ મળતો હોવાનું રટણ નર્મદા વિભાગ દ્વારા ચાલુ રહેતાં પંચાયત વિભાગે એક ખાસ પરિપત્ર રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે જારી કર્યો છે.

સચિવાલયકક્ષાએથી આવો પરિપત્ર જારી થતાં જ તંત્ર આખામાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા એક તરફ જળશક્તિ અભિયાનનું આયોજન કરાયુ છે ત્યારે આ વાસ્તવિક વિગતો જ ન હોવાથી કેન્દ્ર સરકારે ગુજરાત સરકારનો ઉધડો લીધો

● અનુસંધાન પાન-૭ પર

# વૉર્ડ નં. ૩ની પેટાચૂંટણીનો પ્રચાર જંગ રંગ જમાવે છે

**વોર્ડ નં. ૩ ની પ્રથમ પેટા-ચૂંટણીનો ચતુષ્કોણીય જંગ નગરની ચર્ચાનો મુદ્દો બની ઉભર્યો છે : ડોર ટુ ડોર પ્રચારની રણનીતિ બધાએ અપનાવી**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની યોજાઈ રહેલી પેટા-ચૂંટણીમાં પ્રચાર અભિયાન ઉમેદવારોએ વેગીલુ બનાવ્યુ છે.

મનપાની પ્રથમવાર પેટા-ચૂંટણી યોજાઈ રહી હોવાથી વોર્ડ નં. ૩ માં રિક્ષાઓ દ્વારા અને ડોર ટુ ડોર પ્રચાર અભિયાન કાર્યકરો અને ઉમેદવારો દ્વારા થઈ રહ્યો છે. આ ચતુષ્કોણીય જંગ નગરમાં સૌની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

પ્રચાર માટેના હવે ગણત્રીના દિવસો બાકી છે ત્યારે નાના-નાની ગૃપ બેઠકોનો દોર પણ શરૂ થયો છે. આ વખતે મિત્રમંડળની રાજનીતિ આ પ્રચાર અભિયાનમાં બધા ઉમેદવારોએ અપનાવી છે.

મનપાની આ પેટા-ચૂંટણીના જંગમાં ચાર ઉમેદવારો મેદાનમાં છે. બે મુખ્ય પક્ષોએ તો તેમના ચૂંટણી કાર્યાલયો પણ સે. ૨૨માં શરૂ કરી દીધા છે જ્યાં મોડી રાત સુધી આગેવાનો અને કાર્યકરોના ધામા જોવા મળી રહ્યા છે.

મનપાની આ પેટા-ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના સંગઠનના આગેવાનો પણ સક્રિય બન્યા હોવાથી રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે. આગેવાનો પણ ડોર ટુ ડોર અભિયાનમાં જોડાયા છે.

આ વોર્ડમાં યુવા મતદારો અને વડીલ મતદારોની સંખ્યા લગભગ સમાન છે. અહિ ૧૮ હજાર જેટલા નોંધાયેલા મતદારો છે તેમજ ૨૭ જેટલા સર્વિસ વોટર્સ પણ છે. પ્રચાર માટે આકર્ષક પ્લેમફલેટ્સનું વિતરણ પણ થઈ રહ્યુ છે. ચારેય ઉમેદવારો યુવા છે અને તેઓ જે રીતે પ્રચાર અભિયાનને ચલાવી રહ્યા છે તેથી પણ ઉત્તેજનાઓ વધુ જોવા મળી રહી છે.


# કોંગ્રેસ હિન્દુ સંતોને બદનામ કરે છે : નિતિન પટેલ

**મોરારી બાપુનું નામ લેવાતા ગૃહમાં આક્ષેપબાજીનો દોર : કોંગીનો મોરારી બાપુના નામે રેશનકાર્ડ બનાવી અનાજનો જથ્થો ઉપાડી લેવાનો આક્ષેપ**

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત વિધાનસભાના પ્રશ્ન કાળમાં મોરારીબાપુના નામનો ઉલ્લેખ થતાં એક તબક્કે ગૃહનું વાતાવરણ ગરમાયું હતું. કોંગ્રેસે મોરારી બાપુના નામે રેશનકાર્ડ બનાવીને અનાજનો જથ્થો ઉપાડી લેવાય છે એવો આક્ષેપભર્યો પ્રશ્ન કરતા કોંગ્રેસ-ભાજપ જોરદાર રીતે સામ સામે આવી ગયા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. અલબત્ત, અધ્યક્ષની કડક ટકોર બાદ વાતાવરણ સામાન્ય બન્યું હતું. વિવાદાસ્પદ પ્રશ્નના નિર્ણય અધ્યક્ષ દ્વારા પેન્ડિંગ રાખવામાં આવ્યાં હતા. તો બીજી તરફ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીએ વિપક્ષને માફી મંગાવવા માટે પસ્તાળ પાડી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તો કોંગ્રેસ પર જોરદાર રીતે બગડયા હતા અને તેને આડા હાથે લઈ નાંખતા જણાવ્યું હતું કે, હિન્દુ સંતોને બદનામ કરવાનું કોંગ્રેસ આ કાવતરૂં કરે છે. સસ્તા અનાજની દુકાનોમાં અનાજ માફિયાઓ દ્વારા બોગસ નામ વાપરી અનાજનો જથ્થો ઉપાડી લેવામાં આવે છે, તેવા એક પ્રશ્નમાં કોંગ્રેસ દ્વારા મોરારીબાપુના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેનો સરકાર તરફથી વિરોધ કરવામાં આવ્યો હતો અને આવી બાબતોમાં હિન્દુ સંસ્કૃતિના સંતોને બદનામ કરવાનો પ્રયત્ન કોંગ્રેસ દ્વારા કરવામાં આવે છે એવો આક્રોશ સરકાર તરફથી વ્યક્ત કરવામાં આવ્યો હતો. જો કે, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ પ્રશ્નથી અકળાયા હતા અને તેમણે

● અનુસંધાન પાન-૭ પર



અમે નિલગગનના પંખી - આકાશમાં વિહાર કરતા પંખીઓને કે પંખીઓની તસવીરને જોવાનો અનોખો લ્હાવો હોય છે...કેટલી વિશાળતામાં મુક્તમને વિહાર કરવાનો હોય છે... વહેલી પ્રભાતથી સમીસાંજ સુધી મન ચાહે ત્યાં, આકાશના ખૂણેખૂણે પાંખો ફફડાવીને ઉડવાનું જ હોય છે... ઉંચાઈ અને વિશાળતા એના ભાગ્યની નિશાની છે... સાથે સાથે મુક્ત વિહાર પણ તેમના જીવનનું આનંદદાયક પાસુ છે... એમાંય વરસાદના આગમનની રાહ જોવાતી હોય ત્યારે વિહરતા રંગબેરંગી પંખીઓ જોવાનો પ્રસંગ એટલે સ્વયં ઉત્સવ બની જાય છે... ગાંધીનગરની હરિયાળી અને ઠંડકમાં આ પંખીઓ આવી પહોંચ્યા છે... ક્યારેક ગાંધીનગરના પાદરે અને નદી કિનારે નિહાળવા પહોંચજો... મજા પડશે...

# છેલ્લા બે વર્ષમાં સરકારે ઉત્સવો પાછળ ૪૧.૨૧ કરોડનો ખર્ચ કર્યો

**નવરાત્રી, પતંગોત્સવ અને રણોત્સવની ઉજવણી પાછળ તોતિંગ ખર્ચ થાય છે**

ગાંધીનગર તા ૧૫

રાજય સરકાર દ્વારા પ્રતિવર્ષ રાજયમાં વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે .જયારે તહેવારને અનુરૂપ ઉત્સવોની ઉજવણી પણ વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. રાજયમાં નવરાત્રી, પતંગોત્સવ તેમજ રણોત્સવની ઉજવણી અન્વયે છેલ્લા બે વર્ષમાં રૂ ૪૧૨૧ .૩૬ લાખનો ખર્ચ કરયો છે. જયારે આ ખર્ચ પૈકી રૂ ૨૯૪.૫૪ લાખ જમવા, રહેવા તેમજ ટ્રાન્સપોર્ટેશન પાછળ કરાયો છે.

સમગ્ર રાજયમાં બે વર્ષ દરમિયાન નવરાત્રી, પતંગોત્સવ અને રણોત્સવ પાછળ કેટલો ખર્ચ કરાયો જમાલપુરના ઈમરાન ખેડાવાલાએ તારાંકિત પ્રશ્નોત્તરીમાં રજુ કરેલા પ્રશ્ન સંદર્ભે પ્રવાસન મંત્રીના લેખિત ઉત્તરમાં જણાવાયા મુજબ રાજયમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં નવરાત્રી મહોત્સવ પાછળ સરકારે ૯૦૮.૮૧ લાખનો ખર્ચ કર્યો હતો. જયારે વર્ષ ૨૦૧૮-૧૯ માં ૯૦૪.૭૬ લાખનો ખર્ચ કરાયો હતો. છેલ્લા બે વર્ષ દરમિયાન નવરાત્રી મહોત્સવ પાછળ સરકારે કુલ ૧૮૧૩.૫૭ લખનો ખર્ચ કર્યો છે.

આ ઉપરાંત પતંગોત્સવ માટે બે વર્ષમાં ૧૫૩૧.૦૬ તેમજ રણોત્સવ પાછળ રૂ ૭૫૮.૭૩ લાખનો ખર્ચ કરાયો છે. જયારે આ ત્રણેય મહોત્સવ અન્વયે કુલ ૨૯૪.૫૪ લાખ રૂપિયા જમવા, રહેવા તેમજ ટ્રાન્સપોર્ટેશન પાછળ ખર્ચાયા છે. સરકારે છેલ્લા બે વર્ષમાં રાજયમાં નવરાત્રી , પતંગોત્સવ તેમજ રણોત્સવની ઉજવણી અન્વયે રહેવા , જમવા તેમજ ટ્રાન્સપોર્ટેશન સહીત કુલ રૂ ૪૧૨૧.૩૬ લાખનો ખર્ચ કર્યો હોવાનુ ઉત્તર પરથી સ્પષ્ટ થયુ છે.

# અલ્પેશના આવાસે ઠાકોર સમાજ કોર કમિટિની બેઠક

**કોર કમિટીની બેઠક બાદ ધવલસિંહની સ્પષ્ટતા : બેઠકમાં અલ્પેશ ઠાકોર ગેરહાજર : અલ્પેશ-ધવલસિંહને ભાજપમાં જોડાવા માટે ઠાકોર સમાજે આપેલી સહમતિ**

અમદાવાદ, તા.૧૫

કોંગ્રેસના ધારાસભ્યપદેથી રાજીનામુ આપ્યા બાદ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ હજુ સુધી એકપણ પક્ષમાં જોડાયા નથી. જો કે, છેલ્લા બે ત્રણ દિવસથી તેઓ ગમે ત્યારે હવે ભાજપમાં જોડાઈ જાય તેવુ વાતાવરણ અને ગતિવિધિ તેજ બન્યા છે ત્યારે આ જ મુદ્દાને લઈને આજે અલ્પેશ ઠાકોરના ઘરે ઠાકોર સમાજની કોર કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં કોર કમિટીએ બન્નેને ભાજપમાં જોડાવા માટે સહમતિ આપી હતી. જો કે, સૂચક વાત એ હતી કે, કોર કમિટીની બેઠકમાં ખુદ અલ્પેશ ઠાકોર ગેરહાજર રહ્યો હતો. આ બેઠક બાદ પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, હવે અમે ભાજપમાં જોડાઈશુ. આ અંગે ભાજપના નેતાઓ અને અલ્પેશ ઠાકોર સાથે ચર્ચા કરવામાં આવશે. આ અંગે ઓબીસી એકતામંચને પૂછીને નિર્ણય લેવામાં આવ્યો છે. સંગઠન ઈચ્છે છે કે, અમે ભાજપમાં જોડાઈએ.

ઉલ્લેખનીય છે કે, અલ્પેશ ઠાકોર પણ પહેલેથી જ સ્પષ્ટ કરી દીધુ છે કે, કોર કમિટી જે નકકી કરશે તે નિર્ણય તેમને શિરોમાન્ય રહેશે અને તે પ્રમાણે જ આગળ વધીશું. અલ્પેશે કોંગ્રેસ પર તેમના સમાજના કામો નહી કરવાના અને તેમને પક્ષમાં ભારોભાર અન્યાય કરાયો હોવાના ગંભીર આક્ષેપો પણ લગાવ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com